મહેસૂલી તલાટી, વર્ગ-૩ સંવર્ગના જોબચાર્ટમાં અન્ય વિભાગો સંબંધિત કામગીરી અંગે સ્પષ્ટતા કરવા બાબત.

ગુજરાત સરકાર

મહેસૂલ વિભાગ

પરિપત્ર ક્રમાંક: RD/RET/e-file/15/2024/12554/N

સચિવાલય, ગાંધીનગર

તા.૨૧/૧૦/૨૦૨૬

વંચાણે લીધા:-

(૧) મહેસૂલ વિભાગનો તા.૧૭.૦૮.૨૦૨૬ નો સમાનક્રમાંકનો ઠરાવ

પરિપત્ર:-

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભ-(૧) હેઠળ દર્શિત ઠરાવથી મહેસૂલી તલાટી સંવર્ગનો નવો જોબચાર્ટ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જે મુજબ મહેસૂલ વિભાગના વિવિધ અધિનિયમો તથા તે હેઠળના નિયમો અનુસારની તમામ કામગીરી મહેસૂલી તલાટી દ્વારા કરવાની રહે છે. આ ઉપરાંત, ખેતીની જમીનના રેકર્ડ આધારિત દસ્તાવેજો, હદ-નિશાન, ખાણ અને ખનિજ તથા ગૃહ વિભાગના કાયદાઓ અન્વયે ગ્રામ્ય કક્ષાએ કરવાની થતી કામગીરી પણ મહેસૂલી તલાટીના જોબચાર્ટમાં નિયત કરવામાં આવેલી છે.

જોબચાર્ટમાં સમાવિષ્ટ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ સંબંધિત બાબતો અંગે જરૂરી સ્પષ્ટતા કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આ સંદર્ભે કાળજીપૂર્વકની વિચારણા કર્યા બાદ, મહેસૂલી તલાટીઓના જોબચાર્ટમાં સમાવિષ્ટ નીચે જણાવેલ મુદ્દાઓ અંગે, તેની સામે, કોષ્ટકની કોલમ-(૪) માં દર્શાવ્યા મુજબની સ્પષ્ટતા આથી કરવામાં આવે છે:

ક્રમ	જોબચાર્ટનો મુદ્દા નં.	જોબચાર્ટની વિગત	જોબચાર્ટ અંગે સ્પષ્ટતા
૧	૮	કૃષિ રાહત પેકેજ: કુદરતી આપત્તિઓ સમયે જાહેર થતા કૃષિ રાહત પેકેજ અંતર્ગત ખેડૂતોની અરજીઓ સ્વીકારવી, તેની સ્થળ તપાસ કરી નિયમોનુસાર વેરિફિકેશન પ્રક્રિયા પૂર્ણ કરવી.(પંચાયત તલાટી કમ મંત્રી સરવે દરમિયાન સાથે રહી સંપૂર્ણ સહકાર આપશે)	મહેસૂલી તલાટીએ જિલ્લા કક્ષાએથી નિર્ધારીત થયેલ સરવે ટીમના સભ્ય તરીકે કામગીરી કરવાની રહેશે. તેમજ વાવેતરના દાખલાઓ આપવાના રહેશે.
૨	૧૦	પુર કે અન્ય આપત્તિમાં ખેતીની જમીનને થયેલ ધોવાણ વગેરે માટે સરવે અને સહાયની કામગીરી(પંચાયત તલાટી કમ મંત્રી મદદમાં સાથે રહેશે).	
3	૨૦	આનાવારી સમિતિમાં કામ કરવા માટે ગામના પ્રતિનિધિ ખેડૂતોની સમયસર નિયુક્તિ કરવી તથા તુલાવારીનું કામ સમયસર પૂરું કરવું. આ અંગેના જાહેરનામાની પ્રસિદ્ધિ સમયસર કરવી અને સમિતિના મંત્રી તરીકેની કામગીરી બજાવવી. (વ.હુ. ૩૦-અ તથા કાનૂની નોંધ ૨૭૦). (ગ્રામ પંચાયતના ઠરાવ અને સ્થળ તપાસણીમાં તલાટી કમ મંત્રી સાથે રહેશે.)	મહેસૂલ વિભાગના તા.૦૬/૧૨/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક : અછત/૧૦૨૦૧૯/૧૪૭૧/સ.૧ થી મહેસૂલ વિભાગ દ્વારા દુષ્કાળના નિર્ધારણના હેતુ માટે કરવામાં આવતી આનાવારીની પ્રક્રિયા બંધ કરવા બાબતે નિર્ણય લેવામાં આવેલ છે. જેથી હાલની દર્શાવેલ કામગીરી સામાન્યરીતે હાલ પૂરતી અપ્રસ્તુત બની રહે છે.

ક્રમ	જોબચાર્ટનો મુદ્દા નં.	જોબચાર્ટની વિગત	જોબચાર્ટ અંગે સ્પષ્ટતા
૪	૩૨	પાક કાપણી અખતરા: પાક વીમા અને ઉત્પાદકતાના સચોટ અંદાજ માટે નિયત કરાયેલા પાક કાપણીના અખતરા (Crop Cutting Experiments) સમયસર અને સફળતાપૂર્વક પૂર્ણ કરવા. GCES એપ્લિકેશન પર ઓનલાઇન પાક કાપણી અખતરા કરવા.	કૃષિ અને સહકાર વિભાગના સુધારા ઠરાવ ક્ર.પરચ-૧૦૨૦૦૪-મં-૧૯૨-ક-૭, તા.૦૯/૦૮/૨૦૦૭ ની જોગવાઇ મુજબ આ કામગીરી ખેતીવાડી વિભાગના ગ્રામ સેવકએ કરવાની રહે છે.
૫	૩૩	ફાર્મર રજીસ્ટ્રેશન: ફાર્મર રજીસ્ટ્રી અંતર્ગત ખેડૂતોની નોંધણી વધુમાં વધુ થાય તે માટે ગ્રામ્ય સ્તરે સઘન પ્રયાસો કરવા.	જોબચાર્ટના મુદ્દા નં.૩૪ મુજબ, ફાર્મર રજીસ્ટ્રેશનમાં ખેડૂત દ્વારા નોંધણી થયા બાદ, લાભાર્થીની વિગતોના એપ્રુવર તરીકેની કામગીરી મહેસૂલી તલાટીએ કરવાની રહેશે.
૬	૪૨	માપણી: બિનખેતી વગેરે અંગે થયેલા હુકમો મુજબ જમીન અંગેના તમામ નમૂના છેલ્લા સુધારાવધારા સહિત તૈયાર રાખવા.	આ કામગીરીમાં માપણીની કામગીરી જમીન દફ્તર અને માપણીતંત્ર દ્વારા કરવાની રહેશે.

આ સૂચનાઓ મહેસૂલ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ પર, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ મારફત સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ગાર્ગી બી. વહોનિયા)

ઉપ સચિવ,

મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર.

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

- માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી (મહેસૂલ / પંચાયત) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, મહેસુલના રહસ્ય સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી,પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(જ.સુ.),મહેસુલ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- મહેસુલ તપાસણી કમિશનરશ્રી, સચિવાલય,ગાંધીનગર
- સુપ્રિટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પની કચેરી,ગાંધીનગર.
- સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકશ્રી, ખ-૫ સર્કલ, સેક્ટર-૧૪,ગાંધીનગર
- સર્વે કલેક્ટરશ્રીઓ(પ્રસ્તુત પરિપત્રની અમલવારી કરવાની વિનંતી સહ)(By Email)
- મહેસૂલ વિભાગની સર્વે શાખાઓ.
- સિસ્ટમ મેનેજરશ્રી,મહેસુલ વિભાગ... વેબસાઇટ ઉપર મુકવા સારૂ.
- સિલેક્ટ ફાઇલ - ૨૦૨૬.